# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2552 ❖ પોષ પૂર્ણિમા ❖ 11 જાન્યુઆરી 2009 ❖ વર્ષ - 9 ❖ અંક - ૧૦ ❖ સળંગ અંક - 106

## ધમ્મવાણી

चिरं तिट्ठतु सद्धम्मो धम्मे होन्तु सगारवा ।
सब्बेपि सत्ता, कालेन सम्मादेवो पवस्सतु ॥
(पत्थना आसीस गाथा)

સદ્ધર્મ ચિરસ્થાયી હો ! બધા લોકો ધર્મ પ્રત્યે ગૌરવયુક્ત હો !
સમ્યક્ દેવ સમય પર વરસે !

## વિપશ્યના ઘેર આવી

૧૯ મી જાન્યુઆરી, પરમ પૂજ્ય ગુરુદેવ ઉ બા ખિનનો મહાપ્રયાણ દિવસ.

આવો. આ પુણ્યતિથિએ વિપશ્યના વિદ્યાના એ મહાન આચાર્યની પાવન સ્મૃતિમાં ભારત અને બ્રહ્મદેશની પૃષ્ઠભૂમિમાં ભગવતી વિપશ્યના વિદ્યાના ઈતિહાસનું વિહંગાવલોકન કરીએ.

## શાક્ય રાજવંશ

ભારત અને પડોશી બ્રહ્મદેશનો ઘનિષ્ઠ સંબંધ અનેક સદીઓનો છે - રાજનૈતિક ક્ષેત્રમાં તથા વ્યાવસાયિક ક્ષેત્રમાં. ભગવાન બુદ્ધના અનેક વર્ષો પહેલાં પાંચાલ દેશમાં એક પ્રતાપી રાજા થયો, પરંતુ તે ઉચ્ચ ક્ષત્રિય કુળનો ન હતો. કોઈ ઊંચા કુળ સાથે વિવાહ-સંબંધ જોડવા માટે તે ઉત્સુક હતો. આથી તેણે કોલિયનરેશ પાસે તેની રાજકુમારી માગી. કોલિયોને ઈક્ષ્વાકુ કુળના સૂર્યવંશી ક્ષત્રિય હોવાનો બહુ ગર્વ હતો. તેથી કોલિયનરેશે પાંચાલનરેશની માંગને ઠોકર મારી. પરિણામ સ્વરૂપ બંનેમાં યુદ્ધ છેડાયું. દેવદહ અને કપિલવસ્તુના શાક્યોએ કોલિયોનો સાથ દીધો. પરંતુ આ ત્રણેની સંયુક્ત શક્તિ પણ પાંચાલની બળવાન સેનાનો સામનો ન કરી શકી. શાક્યો અને કોલિયોનાં રાજ્યો વિખેરાઈ ગયાં. કપિલવસ્તુના પરાસ્ત શાક્યોનું એક દળ મહારાજ અભિરાજના નેતૃત્વ હેઠળ મધ્યપ્રદેશથી ચાલીને ઉત્તરપૂર્વી આસામ અને તેનાથી આગળ છિન પર્વતને લાંઘીને ઉત્તરી બ્રહ્મદેશમાં ઈરાવદી નદીની ઘાટીઓમાં પહોંચ્યું. ત્યાં 'સંઘર્ષ રાષ્ટ્ર' નામે એક રાજ્યની સ્થાપના કરી. આ નવા રાજ્યની રાજધાની ટગાઉં હતી. આ રાજ્ય કેટલીયે પેઢીઓ સુધી ચાલ્યું. શાક્યમુનિ ભગવાન બુદ્ધ અને તેમના ઉપદેશો સાથે આ પ્રવાસી શાક્યોનો સંપર્ક થઈ જવો સ્વાભાવિક હતો. એ વખતે વિપશ્યના સાધનાનો ઉત્તરી બ્રહ્મદેશમાં પ્રવેશ થયો હશે. કદાચ એ કારણે છિન પર્વતોનાં ઘનઘોર જંગલો વિપશ્યી સાધકોને માટે તપોવનના રૂપમાં સદા પ્રસિદ્ધ રહ્યાં છે. કહે છે, આજે પણ આ મહાવનોમાં યત્ર-તત્ર કોઈ સાધક ભિક્ષુ તપ કરતો મળી આવે છે.

## તપસ્સ-ભલ્લિક

ઉડીસાને એ દિવસોમાં ઉત્કલ કહેતાં. ત્યાંનાં કેટલાક લોકો ઈરાવદી નદીના મુખ પાસે વસ્યાં હતાં. અત્યંત રમણીય હોવાને કારણે તેનું નામ રમણ્ય દેશ રાખ્યું. જ્યાં આજે રંગૂન નગર છે ત્યાં તેમણે ઉત્કલ દેશની યાદમાં ઉત્કલ નામનું નગર વસાવ્યું. આજે પણ રંગૂન નગરની સમીપે ઉક્કલાપા નામનું એક ઉપનગર વસેલું છે.

ત્યાંના તપસ્સ અને ભલ્લિક નામના બે વેપારી વેપાર અર્થે ભારતમાં આવ્યા અને ઉરુવેલ વનમાં યાત્રા કરતાં કરતાં તેમણે બોધિવૃક્ષ નીચે ભગવાન બુદ્ધને ધ્યાનસ્થ અવસ્થામાં જોયા. ભગવાને બુદ્ધત્વ પ્રાપ્ત કર્યાને સાત સપ્તાહ વીતી ચૂક્યાં હતાં. વેપારીઓએ અત્યંત શ્રદ્ધાપૂર્વક પોતાની સાથે લાવેલા ભાત અને મધથી બનેલા લાડુ ભગવાનને અર્પણ કર્યા. આ સમ્યક્ સંબુદ્ધનું પહેલું ભોજન હતું. આ ઘટનાની સ્મૃતિરૂપે તેમણે ભગવાન પાસેથી કંઈક ભેટ માગી. ભગવાનનો હાથ અનાયાસ પોતાના શિર પર ગયો અને માથાના આઠ વાળ તેમના હાથમાં આવી ગયા. તે બંને એ આઠ વાળ લઈને ખુશખુશાલ સ્વદેશ પાછા ચાલી નીકળ્યાં. પોતાના આવવાના સમાચાર તેમણે અગાઉથી સ્વદેશ મોકલી આપ્યા.

મહારાજ ઉક્કલપતિ અને ઉક્કલના નાગરિકોએ એ કેશધાતુઓનું સન્માનપૂર્વક સ્વાગત કર્યું. નગરની સમીપ ડગોન પહાડીની ટોચ પર શ્વેડગોન નામનો સ્તૂપ બનાવીને તેના ગર્ભમાં આ કેશધાતુ સ્થાપિત કરી દેવામાં આવી જેથી એ દેશની જનતા ભાવી પેઢીઓ સુધી તેના પૂજન-અર્ચનનો લાભ લઈ શકે.

આ યાત્રામાં તપસ્સ અને ભલ્લિકને પૂજનને માટે ભગવાનની કેશધાતુ મળી. સમ્યક્ સંબુદ્ધને પ્રથમ ભોજનદાન દેવાનું પરમ પુણ્યમય સૌભાગ્ય મળ્યું, પરંતુ ભગવાને વિપશ્યનાના રૂપમાં જે

મુક્તિદાયક શુદ્ધ ધર્મની ખોજ કરી હતી તેનાથી તેઓ વંચિત રહી ગયા. એ તેમને કોઈ આગલી યાત્રામાં મળી. તેનો અભ્યાસ કરીને જ ભલ્લિક અરહંત અવસ્થાને પ્રાપ્ત થયો. આ રીતે ઈરાવદી નદીના મુખ પર વસેલા રમણ્ય દેશમાં વિપશ્યનાનો પ્રથમ પ્રવેશ થયો.

## અરહંત સીવલી

બ્રહ્મદેશના પૂર્વ ભાગમાં સિત્તાંગ અને સાલ્વિન નદીઓના મુખ અને દક્ષિણના તનાસરિમ પહાડો તથા પૂર્વમાં આજના થાઈલેંડની પશ્ચિમ સુધી ફેલાએલો આખો પ્રદેશ એ દિવસોમાં સુવર્ણભૂમિના નામે જાણીતો હતો. ત્યાં મુખ્યત્વે મોન-ખમેર જાતિના લોકો વસેલાં હતાં. દક્ષિણ ભારતના તેલંગાણા પ્રદેશનાં થોડાંક લોકો ત્યાં વસેલાં હતાં, જે તલાઈ (તેલંગ) કહેવાતાં. વેપાર માટે ત્યાં ઉત્તર ભારતના લોકોની પણ આવ-જા હતી.

પંચવર્ગીય ભિક્ષુઓ પછી યશ સહિત જે પંચાવન શ્રેષ્ઠિપુત્રોએ ભગવાન પાસેથી ધર્મ શીખીને અરહંત અવસ્થા પ્રાપ્ત કરી, તેમાંના એક હતા ભિક્ષુ સીવલી. તેઓ એક સમૃદ્ધ પરિવારમાંથી ભિક્ષુ થયેલા. આ પરિવાર દેશ-વિદેશમાં બહુ મોટે પાયે વેપાર કરતો હતો. વ્યાપારાર્થે તેનો એક નાનો ભાઈ સીહરાજ સ્વર્ણભૂમિ જઈને વસેલો. તેના જીવનમાં એક એવો સુયોગ થયો કે તે એ પ્રદેશનો શાસક બની ગયો. સીહરાજની છઠ્ઠી પેઢીમાં રાજા ઉપદેવ થયો. તેણે સુર્વભૂમિ માટે નવી રાજધાની સ્થાપિત કરી જેનું નામ સુધમ્મવતી રાખ્યું જેને આજે થટોન કહે છે.

ભગવાન બુદ્ધના મહાપરિનિર્વાણ પશ્ચાત્ ભિક્ષુ સીવલી સાઠ વર્ષ સુધી જીવિત રહ્યા અને ધર્મસેવા કરતા રહ્યા. પોતાના ભાઈ સીહરાજના આમંત્રણથી ભિક્ષુ સીવલી સુવર્ણભૂમિ ગયા અને ત્યાંના લોકોને પરિયત્તિના રૂપમાં બુદ્ધ વચનોનું અને પટિપત્તિના રૂપમાં વિપશ્યનાનું પ્રશિક્ષણ આપ્યું. ત્યારથી એ ક્ષેત્રમાં વિપશ્યનાનો પ્રચાર આરંભ થયો. આજે પણ બ્રહ્મદેશના લોકો ભિક્ષુ સીવલીને અત્યંત આદર સાથે યાદ કરે છે. આજે પણ સુધમ્મવતી(થટોન) પાસે એક પહાડ પર ધ્યાની ભિક્ષુ વિપશ્યના સાધનાનો અભ્યાસ કરે છે.

## સોણ અને ઉત્તર

ઈ.પૂ. ૩૨૬ પહેલાં પાટલિપુત્રના અશોકારામ નામના વિહારમાં રાજા ધમ્માસોક (સમ્રાટ અશોક)ના સંરક્ષણમાં ત્રીજી ધમ્મસંગીતિ થઈ. થેર મોગ્ગલિપુત્ત તિસ્સે તેની અધ્યક્ષતા કરી. આ સંગીતિના સમાપન પછી થેર મોગ્ગલિપુત્ત તિસ્સે થોડાક અરહંત ભિક્ષુઓને ભારત તથા ભારતની બહાર ધર્મદૂતના રૂપમાં મોકલ્યા. બ્રહ્મદેશમાં સોણ અને ઉત્તર નામના બે અરહંત ભિક્ષુ મોકલાયા જે રાજનગરી સુધમ્મવતીના બંદરે ઊતર્યા. ભિક્ષુ સોણ અને ઉત્તર ત્રીજા સંગાયનમાં સ્વીકૃત બુદ્ધવાણીની સાથોસાથ ભગવાન દ્વારા શીખવાયેલી વિપશ્યના વિદ્યા પોતાની સાથે લેતા ગયેલા. સુવર્ણભૂમિના લોકોએ આ બંનેનું સહર્ષ સ્વાગત કર્યું. અરહંત સીવલીની કૃપાથી ત્યાનાં લોકો આ વિદ્યાનું આસ્વાદન કરી ચૂકેલા હતા અને હવે સોણ તથા ઉત્તરે ત્યાં આ વિદ્યાને નવું જીવન આપ્યું. આ પ્રદેશમાં સદ્ધર્મ દઢતાથી સ્થાપિત થતો ગયો. પેઢી દર પેઢી બહુ મોટી સંખ્યામાં લોકો ત્રિપિટકમાં સુરક્ષિત બુદ્ધવાણીનું અધ્યયન કરતાં રહ્યાં અને વિપશ્યના વિદ્યાનો અભ્યાસ કરીને મુક્તિના પંથે આગળ વધતાં રહ્યાં. બ્રહ્મદેશમાં શુદ્ધ ધર્મ પુનઃ લઈ આવનાર અરહંત સોણ અને ઉત્તરને પણ ત્યાંનાં લોકો બહુ આદર સાથે યાદ કરે છે.

ભિક્ષુ સોણની શિષ્ય પરંપરાની છઠ્ઠી પેઢીમાં સંઘનાયક ભિક્ષુ અનોમદસ્સી થયા. તેમના સમયમાં ઉત્તર બર્માના લોકો સુધમ્મવતી આવી આવીને ભિક્ષુ સોણની સાથે આવેલી ધમ્મવાણી તિપિટક અને અટ્ઠકથાઓને શીખીને, તે કંઠસ્થ કરીને ઉત્તર બર્મામાં પોતપોતાના જનપદોમાં લઈ જતાં. આ પ્રકારે સુધમ્મવતી નગરી શુદ્ધ ધર્મનું કેન્દ્ર બની ગઈ અને અહીંથી જ ભગવાનનો ઉપદેશ ઉત્તર તરફ ગયો. કહી ન શકીએ કે એની સાથોસાથ વિપશ્યના વિદ્યા પણ ગઈ કે નહીં!

સમય વીતતો ગયો અને મધ્ય બર્મામાં સુધમ્મવતીથી ગયેલી આ શુદ્ધ વિદ્યા દૂષિત થઈને હ્રાસને પ્રાપ્ત થઈ. ઈ.સ. દસમી સદી સુધીમાં તો બગડતાં બગડતાં અત્યંત ઘૃણિત અવસ્થાએ જઈ પહોંચી. હોઈ શકે પૂર્વોત્તર ભારતના માર્ગથી કોઈ વામમાર્ગી પ્રભાવ ત્યાં પહોંચી ગયો હોય. ત્યાંના ધર્મગુરૂ પોતાને 'અરિ' એટલે કે આર્ય તો કહેવડાવતા પણ જીવતા બહુ દુશ્શીલ જીવન ! સદ્ભાગ્યે દક્ષિણની સુવર્ણભૂમિ અને તેની રાજધાની સુધમ્મવતીમાં ધર્મ પોતાના શુદ્ધ રૂપમાં જીવિત રહ્યો, પરિયત્તિના ક્ષેત્રમાં તથા પટિપત્તિના ક્ષેત્રમાં.

## સ્થવિર અરહં

ઈ.સ. ની ૧૧ મી શતાબ્દિના આરંભમાં મહારાજ સીહરાજની ૪૮ મી પેઢીમાં રાજા મનુઆ રાજગાદી પર બેઠો. એ સમયે ત્યાં ભિક્ષુ ધમ્મદસ્સી થયા, જેમણે વિપશ્યના સાધના દ્વારા અરહંત અવસ્થા પ્રાપ્ત કરી લીધી હતી. બ્રહ્મદેશના ઈતિહાસમાં તેઓ સ્થવિર અરહં નામે પ્રસિદ્ધ થયા. ધર્મ પ્રચારના ઉદ્દેશ્યથી તેઓ સુધમ્મવતીથી ઉત્તર તરફ મધ્ય બર્માની યાત્રાએ નીકળ્યા. ત્યાં પહોંચીને તેમણે ભગવાનના શુદ્ધ ધર્મનું અત્યંત દૂષિત રૂપ જોયું. એ વખતે મધ્ય બ્રહ્મદેશની રાજધાની પગાન (અરિમર્દન પુરગામ) માં મ્યંમા જાતિનો પ્રતાપી રાજા અનોરથ (અનુરુદ્ધ) (ઈ.સ. ૧૦૧૭-૧૦૫૯) રાજ્ય કરી રહ્યો હતો. સ્થવિર અરહં રાજા અનોરથને મળ્યા. તેમની પાસેથી શુદ્ધ ધર્મનો ઉપદેશ સાંભળીને રાજા અત્યંત પ્રભાવિત થયો. તેને પ્રબળ ઈચ્છા થઈ કે તે સ્વયં પણ અને તેની પ્રજા પણ શુદ્ધ ધર્મનું પાલન કરે. તે માટે તેણે ભિક્ષુ અરહંનું માર્ગદર્શન માગ્યું. ભિક્ષુ અરહં એ જણાવ્યું કે આવા અભિયાનની સફળતા માટે શીલ, સમાધિ અને પ્રજ્ઞામાં સંપન્ન આર્ય અવસ્થાએ પહોંચેલા ભિક્ષુઓની આવશ્યકતા પડશે, જે દક્ષિણની સુવર્ણભૂમિમાં જ મળી શકશે. આ સિવાય

જનતાને શુદ્ધ ધર્મ સમજાવવા માટે તિપિટક ગ્રંથો હોવા આવશ્યક છે. તેણે એમ પણ જણાવ્યું કે શ્રીલંકામાં ઈ.પૂ. ૨૯ માં થયેલી ચોથી ધર્મસંગીતિમાં સંપૂર્ણ તિપિટક અને અટ્ઠકથાઓ તાડપત્રો પર લખાયેલી છે. શ્રીલંકાના રાજા વટ્ટગામિનીએ એ સંપૂર્ણ સંગ્રહની એક પ્રતિ(નકલ) સુધમ્મવતીનરેશને ભેટ રૂપે મોકલી હતી. અહીં તેની પ્રતિલિપિઓ લખાતી રહી. સુધમ્મવતીના વર્તમાન રાજા મનુઆ પાસે આ હસ્તલિખિત ધર્મગ્રંથોના ત્રીસ સંગ્રહ છે. તેમાંથી એક પણ અહીં(પગાનમાં) આવી જાય તો પર્યાપ્ત છે. સુવર્ણભૂમિથી જે ભિક્ષુઓ અહીં આવશે તેઓ આ ધર્મગ્રંથોના સહારે અહીં સરળતાપૂર્વક ધર્મ પ્રચાર કરી શકશે.

મહારાજા અનોરથે પોતાના રાજદૂત મારફત રાજા મનુઆને સંદેશો મોકલ્યો કે તે ત્રિપિટક અને અર્થકથાઓનો એક સંગ્રહ તેને મોકલે. રાજા મનુઆએ અનોરથને નિતાંત અયોગ્ય ઘોષિત કરીને તેની આ માંગ ઠુકરાવી. અનોરથ આથી બહુ કોપિત થયો અને પોતાના પ્રતાપી રાજકુમાર ચાંસિતાના નેતૃત્વમાં એક વિશાળ સેના સાથે સુધમ્મવતી પર ચઢી આવ્યો. રાજા મનુઆ બુરી રીતે પરાસ્ત થયો. તેને બંદી બનાવીને પગાન લઈ જવાયા સુધમ્મવતીથી તિપિટક અને અટ્ઠકથાઓના ત્રીસેય સંગ્રહો બહુ સન્માન સાથે હાથીઓની પીઠ પર રાખીને પગાન લઈ જવાયા. કેટલાક સાધક અને વિદ્વાન ભિક્ષુઓને પણ સન્માનભેર લઈ જવાયા. મહારાજા અનોરથે ઉદારતાપૂર્વક બંદી રાજા મનુઆના નિવાસ માટે પગાનમાં એક રાજમહેલ બનાવી આપ્યો. સ્થવિર અરહંના નેતૃત્વમાં મધ્ય બ્રહ્મદેશમાં શુદ્ધ ધર્મના પ્રચારનું કામ નવેસરથી આરંભ થયું. જનતાએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો. આમ ધર્મગ્રંથોની સાથોસાથ વિપશ્યના પણ બ્રહ્મદેશના મધ્ય ભાગમાં પહોંચી. થોડા સમય પછી સ્થવિર અરહંએ પગાનથી આગળ ઉત્તર તરફ યાત્રા કરી. આજના માંડલે નગરની સામે ઈરાવદી નદીના પશ્ચિમ તટે સંગાઈ નગર છે તેની સમીપે એક ટેકરી છે. સ્થવિર અરહંને ધ્યાન માટે તે જગ્યા અત્યંત ઉપયુક્ત લાગી અને તેની ગુફામાં વિહાર કરવા લાગ્યા અને વિપશ્યના સાધનામાં રત રહેવા લાગ્યા. તેમણે ઘોષણા કરાવી દીધી કે જે ભિક્ષુ ધર્મના પરિયત્તિ પક્ષમાં પારંગત થઈ જાય અને વિપશ્યના સાધના શીખવા ઈચ્છે તે તેની પાસે આવી જાય. આમ થોડાક ભિક્ષુ તેમની પાસે વિપશ્યના શીખવા આવવા લાગ્યા. સ્થવિર અરહંના પરિનિર્વાણ બાદ પણ વિપશ્યના પ્રશિક્ષણની આ પરંપરા ત્યાં ચાલુ રહી અને સંગાઈની ટેકરી વિપશ્યનાને માટે ઉપયુક્ત ભૂમિ બની ગઈ. આ મધ્ય યુગથી અર્વાચીન કાળ સુધી સંગાઈની ટેકરી મુમુક્ષુ સાધકોને તપવા માટે એક મહત્વપૂર્ણ આકર્ષણનું કેન્દ્ર બની રહી. પરંતુ આ ઉપદેશ કેવળ ભિક્ષુઓને જ અપાતો અને તે પણ બહુ થોડી સંખ્યામાં. જો કે સંખ્યા હંમેશા બહુ થોડી રહી, છતાં બ્રહ્મદેશના સંત સાધકોએ પેઢી-દર-પેઢી વિપશ્યના સાધનાને પોતાના પરંપરાગત શુદ્ધ રૂપમાં જીવિત રાખી.

## ભિક્ષુ લેડી સયાડો

ઈ.સ. ૧૮૭૧ માં રાજધાની માંડલેમાં બર્મી નરેશ મિન ડો મિંના સંરક્ષણમાં ૨૪૦૦ વિદ્વાન ભિક્ષુઓની પાંચમી ધર્મસંગીતિ થઈ જેમાં એક તેજસ્વી યુવા ભિક્ષુએ ભાગ લીધો, જે આગળ જતાં લેડી સયાડોના નામે વિશ્વ-વિશ્રુત થયા. પાલિનું ગંભીર અધ્યયન કરી લીધા બાદ લેડી સયાડો વિપશ્યના સાધના તરફ આકૃષ્ટ થયા અને સંગાઈની ટેકરીઓમાં વિહાર કરનારા વિપશ્યના પરંપરાના કોઈ આચાર્ય પાસેથી આ વિદ્યા શીખીને મનેવા નગરની સમીપે પોતાના જન્મસ્થાન લેડીગ્રામમાં વિહાર કરવા લાગ્યા. ત્યાં એક નાનકડી નદીને પેલે પાર એક પડાહી ગુફા છે. જ્યાં સાંજે જઈને તેઓ રાતભર ધ્યાન કરતા. થોડાક વર્ષોના અભ્યાસથી વિપશ્યનામાં પારંગત થઈને તેમણે વિહારમાં ભિક્ષુઓને વિપશ્યના શીખવવી શરૂ કરી દીધી. એજ દિવસોમાં તેમના મનમાં આ મંગલ ભાવના જાગી કે અનેક સદીઓથી વિપશ્યના સાધના કેવળ ભિક્ષુઓ સુધી જ સીમિત રહી છે. આનો લાભ સદ્‌ગૃહસ્થોને પણ મળવો જોઈએ. ભગવાન બુદ્ધે આ વિદ્યા કેવળ ભિક્ષુઓને જ નહિ બલ્કે ગૃહસ્થોને પણ શીખવી હતી. ભિક્ષુઓ કરતાં વિપશ્યી ગૃહસ્થોની સંખ્યા ક્યાંય અધિક હતી. ભગવાનના જીવનકાળમાં જ બહુ મોટી સંખ્યામાં ગૃહસ્થ સોતાપન્ન થયેલા, અનેક સકદાગામી થયેલા, કેટલાક અનાગામી થયેલા અને ત્રણ-ચાર ગૃહસ્થો તો અરહંત પણ થયેલા. દીર્ઘદષ્ટા ભિક્ષુ લેડી સયાડોએ જોયું કે ભગવાનના પ્રથમ શાસનના ૨૫૦૦ વર્ષ પૂરાં થવામાં છે. દ્વિતિય શાસનનો આરંભ થવાનો છે જેનો પ્રથમ શાસનની માફક વિપશ્યના વિદ્યાના શિક્ષણથી જ આરંભ થશે. આખા વિશ્વમાં ભગવાન દ્વારા શીખવાએલી વિપશ્યનાના આ દ્વિતીય અભ્યુદયમાં કેવળ ભિક્ષુ જ નહિ, બલ્કે ગૃહસ્થ આચાર્યોનો પણ બહુ મોટો હાથ હશે. તેથી તેમણે ગૃહસ્થોને માટે વિપશ્યના સાધનાનાં દ્વાર ખોલ્યાં અને સયાતૈજી જેવા સમર્થ ગૃહસ્થ આચાર્યને પ્રશિક્ષિત કર્યા. જે તેમના પ્રમુખ શિષ્યોમાંના એક હતા.

## સયાતૈજી

સયાતૈજીએ રંગૂનની સમીપ ઈરાવદી નદીની પાર ડલ્લ ગામમાં વિપશ્યના કેન્દ્ર સ્થાપિત કર્યું અને પોતાના જીવનકાળમાં ૧૦૦૦ થી અધિક ગૃહસ્થ તથા ભિક્ષુઓને વિપશ્યના શીખવીને એ સિદ્ધ કરી દીધું કે જો પૂર્વ-પારમી-સંપન્ન હોય તો એક ગૃહસ્થ પણ સફળ વિપશ્યનાચાર્ય બની શકે છે.

## સયાજી ઉ બા ખિન

સયાજી ઉ બા ખિન યથેષ્ઠ પારમી સંપન્ન હતા અને સદ્‌ગૃહસ્થ સયાતૈજીના એક વિશિષ્ટ સદ્‌ગૃહસ્થ વિપશ્યી શિષ્ય હતા. ૨૫૦૦ વર્ષની ગુરુશિષ્ય પરંપરા દ્વારા વિપશ્યના આચાર્યોની અવિચ્છિન્ન શૃંખલાની આધુનિકતમ કડીના રૂપમાં તેઓ એક

જાજવલ્યમાન નક્ષત્ર સાબિત થયા. આધુનિક શિક્ષણ દ્વારા સંપન્ન હોવાને કારણે. આ ગૃહસ્થ સંતે વિપશ્યનાના વૈજ્ઞાનિક પક્ષ પર પ્રકાશ પાડયો. ભલે સંખ્યામાં બહુ થોડા પણ તેમણે એવા લોકોને વિપશ્યના શીખવી, જે અલગ-અલગ પરંપરાઓમાંથી આવ્યા હતાં અને ભગવાન બુદ્ધના સાચા ઉપદેશથી સર્વથા અનભિજ્ઞ હતા.

તેમના પ્રશિક્ષણ કાળમાં જ રંગૂનમાં છઠ્ઠી સંગીતિનું આયોજન થયું. બુદ્ધ શાસનના ૨૫૦૦ વર્ષનો પ્રથમ તબક્કો પૂરો થયો અને બીજો આરંભ થયો. એક માન્યતા છે કે ત્રીજી સંગીતિના ધર્મગુરૂ સ્થવિર મોગ્ગલિપુત્ત તિસ્સે જ્યારે ભિક્ષુ સોણ અને ઉત્તરને સ્વર્ણભૂમિ મોકલ્યા તો આ ભવિષ્યવાણી કરેલી કે આ અણમોલ ધર્મરત્ન તમે જે દેશમાં લઈ જાઓ છો, તે જ તેને શુદ્ધ રૂપમાં ચિરકાળ સુધી જીવિત રાખશે. સમય વિતતાં ભારત સહિત અન્ય બધા દેશોમાંથી વિપશ્યના વિલુપ્ત થઈ જશે. જ્યારે ૨૫૦૦ વર્ષ બાદ દ્વિતીય શાસનનો આરંભ થશે તો બ્રહ્મદેશથી આ વિદ્યા પુનઃ ભારત પાછી ફરશે અને ત્યાં પ્રતિષ્ઠિત થઈને ધીરે ધીરે આખા વિશ્વમાં પ્રતિષ્ઠાપિત થશે અને અનંત લોક - કલ્યાણ કરશે. આ કારણે ગુરૂદેવ ઉ બા ખિન વારંવાર કહેતા કે હવે સમય આવી ગયો છે. વિપશ્યનાનો ડંકો વાગી ચૂક્યો છે. હવે તે ભારત જ નહિ, આખા વિશ્વમાં ખૂબ ફેલાશે. આ પુનીત કાર્યનો શુભારંભ કરવાને માટે તેઓ સ્વયં ભારત આવવાને માટે બહુ ઉત્સુક હતા પણ કોઈ કારણે એવું ન થઈ શક્યું. દ્વિતીય બુદ્ધ શાસનના આરંભથી લઈ તે ચૌદ વર્ષો સુધી પોતાના જે પ્રિય શિષ્યને તેમણે બહુ પ્રેમથી વિપશ્યનાનું પ્રશિક્ષણ દીધેલું તેને બ્રહ્મદેશ પરનું ભારતનું પુરાતન ઋણ ચૂકવવાને માટે ૧૯૬૯ માં અહીં મોકલ્યો. આમ લગભગ બે હજાર વર્ષોના અંતરાલ બાદ વિપશ્યના વિદ્યા ભારત પાછી ફરી અને ભારતના પ્રબુદ્ધ લોકોએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો.

ભારતની આ પુરાતન વિદ્યા પોતાની જન્મભૂમિ ભારતમાં અને આખા વિશ્વમાં પુનઃ પ્રતિષ્ઠિત થાય અને જન-જનનું મંગલ કરે, જન-જનનું કલ્યાણ કરે. પૂજ્ય ગુરુદેવ સયાજી ઉ બા ખિનની ધર્મકામના સફળ થાય.

**ગુરુદેવનો ધર્મપુત્ર,**
**સત્યનારાયણ ગોયન્કા**

## :: પ્રશ્નોત્તર ::

**પ્રશ્ન - ૧ : શું અમે બીજી વ્યક્તિઓને આનાપાન શીખવી શકીએ ?**

**જવાબ :** વિપશ્યના સાધનામાં પુષ્ટ થઈને સાધક - સાધિકાઓ પોતાના બાળકો, નિકટના સંબંધીઓ તથા ભાઈ-બહેનોને આનાપાનની વિધિ શીખવી શકે છે. વિપશ્યી શિક્ષક પોતાના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓને, ચિકિત્સકગણ - (રોગના ડોકટર્સ) પોતાના રોગીઓને, આનો અભ્યાસ કરાવી શકે છે. પરંતુ જ્યારે પણ કોઈ સાધના કેન્દ્ર પર કે કોઈ બીજા સ્થળે, આનાપાન સાધનાથી શિબિર લાગે, ત્યારે તેમાં એમને બેસાડવાનો પૂરો પ્રયાસ કરવો જોઈએ, જેથી આ વિધિને હજી વધારે સારી રીતે સમજીને તેનો હજી વધારે સારો અભ્યાસ કરી શકે તથા હજી વધારે સારો લાભ પ્રાપ્ત કરી શકે.

### દોહા ધરમના

ધન્ય ભાગ ! ગુરુવર મિલે, કરુણા કે ભંડાર ।
અંધે કો આંખેં મિલીં, દિખા સત્ય કા સાર ॥

દર્શન વાદ-વિવાદ રત, કરતા બુદ્ધિ-કિલોલ ।
જો ગુરુવર દેતે નહીં, શુદ્ધ ધરમ અનમોલ ॥

ધુલતી ના મન ગંદગી, ખુલતી ના મન ગાંઠ ।
સારા જીવન બીતતા, કરતે પોથી - પાઠ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગળકામનાઓ સાથે

### દોહા ધરમના

ગુરુવર ! તેરે પુણ્ય કા, કૈસા પ્રબલ પ્રતાપ ।
અંતર મેં જાગે ધરમ, દૂર કરે ભવ - તાપ ॥

પારસ છૂએ લોહ કો, કંચન દેય બનાય ।
સદ્‌ગુરુ ને લોહા છુઆ, પારસ દિયા બનાય ॥

અબ તો બાકી જિંદગી, ધરમ હેતુ લગ જાય ।
અપના ભી હોવે ભલા, જન જન હિત સધ જાય ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી. દત્ત રોડ,
વડોદરા-૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યનારિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના 11 જાન્યુઆરી, 2009

આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. ૧૦૦/-
વાર્ષિક લવાજમ : રૂા. ૩૦/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧.
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org